# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૧૬ ● સળંગ અંક : ૭૩ ● તા. ૦૨ નવેમ્બરથી ૦૮ નવેમ્બર ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



## સમસ્ત મહાજનની મેડિકલ કમિટીની સંજીવની યોજનાના પ્રથમ ડાયમંડ પેટ્રન સભ્ય

બાંધે ભલેને માણસ આફત મકાનમાં,
હું શોખથી ઉછેરું, ધરપત મકાનમાં.
માર્યા વગર ટકોરા, આવો અને રહો,
સૌની અલાયદી છે સવલત મકાનમાં.
ખાલી કરો ઉદાસી, પીડાનાં પોટલા,
રાખ્યો છે એક ખૂણો સંગત, મકાનમાં.
છત, આંખ કે દીવાલો કોરી ન હો કદી,
વરસાવે ભેજ, એવી બરકત મકાનમાં.

– પારુલ ખખ્ખર



**નીશિથ આનંદ દંડ**

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email : gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. આ વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનમાં મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થતું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થતી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તેં છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુઃખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

– જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજનની મેડિકલ કમિટીની સંજીવની યોજનાના પ્રથમ ડાયમંડ પેટ્રન કુટુંબ





શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ સમિતિ દ્વારા જ્ઞાતિજનોને બહુ ઉપયોગી સંજીવની યોજના જે યોજનામાં સભ્યો દ્વારા અપાયેલ સહાયને તેની ઈચ્છાનુસાર એ રકમને સરખે ભાગે સહાય કરવાની સ્કીમથી પ્રેરાઈને રૂા.૨ લાખનું યોગદાન આપી શ્રીમતી ગુણવંતીબેન જયંતિલાલ મોમાયા પરિવાર બેંગ્લોર-વરાડિયાવાળાએ પ્રથમ સંજીવની ડાયમંડ પેટ્રન બની સહયોગી થયા છે. સમસ્ત મહાજન આ યોજનામાં સહયોગી થવા માટે મોમાયા પરિવારની ખુબ ખુબ અનુમોદના કરે છે.

બેંગ્લોર મહાજન એ જ્યારે પર્યુષણ મહાપર્વ નિમિતે રાખેલ સામુહિક ક્ષમાપનામાં આ યોજનાની મેડિકલ કમિટીના મનિષા શાહ અને હેમાબેન છેડાએ કરી ત્યારે તેમના વક્તવ્યથી પ્રેરિત થઈ આવી માતબર રકમ આપી અને જ્ઞાતિના જરૂરિયાતમંદને તબીબી સહાય એમના કુટુંબ દ્વારા મળતી રહેશે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ખામગામ નગરે સાધ્વીજી ભગવંત દ્વારા ધજાઓ ઉપર વાસક્ષેપ કરાયા

ખામનગરે સાધ્વીજી ભગવંત સંયમગુણાશ્રીજી મ.સા.આ. આદિઠાણા ૪ની પાવન નિશ્રામાં તા. ૨ નવેમ્બર શનિવાર શુભદિને કચ્છ વારાપધ્ધર દેરાસરજીની ૧૫૯મી ધ્વજાજી અને કચ્છ રાણપર ગામ દેરાસરજીની ૧૨૭ ધ્વજાજીનું દર્શન અને પૂ.પૂ.સાધ્વીજી મ.સા.એ વાસક્ષેપ કર્યું.










# ગોરેગામ સંઘમાં પ્રભુવીર નિર્વાણ કલ્યાણક નિમિતે નયનરમ્ય રંગોળી કરાઈ



શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘમાં તા. ૨૭ ઓક્ટોબર રવિવાર દીપોત્સવી પર્વ,ને પ્રભુવીર નિર્વાણ કલ્યાણક દિન નિમિતે પાવાપુરી જલમંદિરની ઉત્કૃષ્ટ, સુંદર અને નયન રમ્ય રંગોળી ગોરેગામના રહેવાસી શ્રાવિકા રીંકુબેન સંદીપ શાહ પ્રતાપપુર તૈયાર કરી. તેઓ એ આગળ દિવસે રાત્રે રંગોળીનું રચનાત્મક કાર્ય શરૂ કરેલ જે બીજા દિવસે સાંજે ૬ કલાકે પૂર્ણ કરેલ. આમ સતત ૨૦ થી ૨૨ કલાકની અથાક જહેમત કરી ભવ્ય રીતે બનાવેલ. રીંકુબેન શાહ ધર્મ અને સંઘ પ્રત્યેની અનન્ય ઉત્કૃષ્ટ નિષ્ઠાની સંઘએ એમની કલાની કદર કરી અનુમોદના કરી.

શ્રી સંઘના ઉપાશ્રયમાં આ રંગોળીનું દર્શન ગોરેગામ તેમજ અન્ય ઉપનગરોમાંથી કલાપ્રેમીજનો એ રવિવાર તા. ૨૭ ઓક્ટોબર દિવાળીથી ભાઈબીજ મંગળવાર તા. ૨૮ ઓક્ટોબર સુધી સવારનો ૮ થી ૧૨ સાંજે ૪ થી ૬ દરમ્યાન લાભ લઈ તેમણે જે સખત જહેમત ઉઠાવી તેની કલાની પ્રશંસા કરી હતી.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વોટ્સએપ પર મોકલો**

**9322257731**



**Shree Samasta KDO Jain Mahajan**

Job Vacancy for Executive/ Manager

Location : Mumbai

Qualification : Graduate

Gujarati Language proficiency must.

Experience : 2 Yrs & Above as Executive/Mgr

Profile : To manage all the projects & Administrative work of the institution

**Skill Set Required**

- Computer knowledge Ms - Office, Internet & Website handling
- Physically Fit, Energetic
- Good coordination
- Good Verbal & written Communication
- Basic Banking & Accounting

**Salary : Rs. 25000/- +**

Intrested Male/Female with the age up to 55 can apply on

smvacancymumbai@gmail.com

OR

WhatsApp Your CV on 9869576527

# ગોરેગામ સંઘમાં સવા લાખ અખંડ અક્ષતનો સ્વસ્તિક આલેખી ધર્મ આરાધના થઈ

દિવાળી પર્વ દિને તા. ૨૭ ઓક્ટોબર રવિવારના ગોરેગામ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિત ગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પુનિત નિશ્રામાં મહાવીર પ્રભુ નિર્વાણ કલ્યાણકની ભક્તિ ઉજવણી સ્વરૂપ સવાલાખ અખંડ અક્ષતનો સ્વસ્તિક પ્રભુ સમક્ષ આલેખવામાં આવ્યો હતો. તેમજ સવા પાંચ કિલોનો બુંદીનો લાડવો ચડાવામાં આવ્યો. તથા દિપક પ્રગટાવી અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરી સમ્યગજ્ઞાનરૂપી પ્રકાશ પાથ રવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સ્વસ્તિક તથા બુંદી લાડુના લાભાર્થી પરિવાર માતુશ્રી વિજયાબેન મણિલાલ ત્રિકમજી ડાઘા દલતુંગી પરિવાર રહ્યાં હતા. સંઘ દ્વારા દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના વ્યક્ત કરાઈ.







# વસઈની ધન્ય ધરા પર બાળકોની શિબિરનું વિધિવત ઉદ્દ્ઘાટન કરાયું

વસઈની ધન્ય ધરા પર વિક્રમ સંવતના નવ વર્ષની નવલી પ્રભાતે અધ્યાત્મ યોગી ગુરૂદેવશ્રી ઉદ્યરત્ન સાગરજી મ.સા. અને યુવા મુનિશ્રી ઉદય રત્નસાગરજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં મહામંગલકારી મહા માંગલિકનું ભવ્યાતી ભવ્ય આયોજન કરાયેલ.



તે સાથો સાથ બાળકોની શિબિરનું વિધિ વત ઉદ્દ્ઘાટન કરાયું. સંકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ પ્રસંગે હાજરી આપી ધન્ય થયા હતા. શિબિર ઉદ્દ્ઘાટનનો હરખ બાળકોના ચહેરે સ્પષ્ટ વર્તાતો હતો અને મલકાટથી તેમનું મન પ્રફુલિત હતું.







# વસઈ અચલગચ્છ જૈન સંઘમાં જ્ઞાન પંચમી અવસરે વિવિધ ધાર્મિક આરાધનાઓ થઈ







તા.૧ નવેમ્બર શુક્રવાર રોજે જ્ઞાન પંચમીના પાવન દિને વસઈ અચલગચ્છ જૈન સંઘના આંગણે આધ્યાત્મયોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિ શ્રી ગુણ વલ્લભસાગરજી મ.સા. આદિ થાણાના મંગળકારી નિશ્રામાં વિશિષ્ટ ઉત્સવનું આયોજન કરાયું. જેમાં પૂજ્યશ્રીએ ૫૧ ખમાસણાનું ભાવાર્થ, ૫૧ સાથિયાનું લોજીક, ૫૧ લોગસના કાઉસગની મૂળ શાસ્ત્રીય વિધિ અને પાંચમના ઉપવાસનું મહત્વ વિષે પ્રકાશ નાખી મહત્વપૂર્ણ વિશદ વ્યાખ્યાન કરેલ.

આ કાર્યક્રમમાં અખિલ ભારત અચલગચ્છ સંઘના અધિકારી ગણ ૫૨-૪૨ના મોભીઓ અનેક સંઘોના આગેવાન શ્રેષ્ઠીઓ, શિબિરાર્થી બાળકો સહિત મોટી સંખ્યામાં શ્રી વસઈ અચલગચ્છ સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિત શોભનીય રહી હતી.





# ડોંબિવલી અચલગચ્છ સંઘમાં સરસ્વતી પૂજન કરાયું

રવિવાર તા.૨૭.૧૦.૨૦૧૯ દિવાળીના શુભ દિવસે સવારે ૯.૧૫ વાગ્યાથી બપોરે ૧૨.૧૫ સુધી ડોમ્બિવલી અચલગચ્છ જૈન સંઘ,સુવિધિનાથ જિનાલયે કલ્પતરુ ભવન ( ઉપાશ્રયમાં) મા સરસ્વતીનું પૂજન ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી તીર્થગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ૫ ની શુભ નિશ્રામાં ભક્તિ ભાવે ભાવિકો, બાળકો-બાલીકાઓની બહોળી ઉપસ્થિતિએ સંપન્ન થયેલ.







# દક્ષિણ ભારત ક.દ.ઓ જૈન એકમ દ્વારા યુવામિલન ૨૦૨૦ નું આયોજન

દક્ષિણ ભારત ક.દ.ઓ જૈન એકમ બેંગ્લુંર દ્વારા વિવિધ એકમ અને મહાજનોના સહયોગથી ૧૮ થી ૩૦ વર્ષ ઉમરના અપરણિત યુવાઓ માટે યુવામિલન ૨૦૨૦ શિર્ષક અંતર્ગત સાઉથ ગોવા મધે ધી બાયક-ઓલ્ડ એન્કર રી સોર્ટમાં તા. ૧૧ જાન્યુ. ૨૦૨૦થી ૧૪ જાન્યુ ૨૦૨૦ સુધી ૩ રાત્રિ- ૪ દિવસનું આયોજન કરાયું છે.

જેમાં કુલ ૩૨૫ જણ સહભાગી થશે. જે માટે દરેક એકમોને નિર્ધારીત સંખ્યા નક્કી કરી અપાઈ છે. દરેક સહભાગી રૂા. ૧૦૦૦ રજીસ્ટ્રેશન ફી ભરી ભાગ લઈ શકશે. દરેક ભાગ લેનારની અરજી જે તે એકમ કે મહાજનના પ્રમુખ-મંત્રીની સહી સાથે હોવી જરૂરી રહેશે.

આ વિષયક વધુ વિગત માહિતી માટે યુથગર્વનર મુલચંદભાઈ મોતાનો મો.નં. ૯૮૪૬૨૧૪૨૦૩ નો સંપર્ક કરવો.

# તિરૂપૂરમાં નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું




શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ તિરૂપૂર દ્વારા તા.૨૮ ઓક્ટોબર સોમવાર સાંજે ૬ કલાકે વિક્રમ સંવત ૨૦૭૬ના નૂતન વર્ષનો સ્નેહમિલન સમાજના સભ્યો માટે યોજાયો. કાર્યક્રમની શરૂઆતે કલ્પનાબેન નાંદોલા દ્વારા પ્રાર્થના કરાઈ. મંડળના મંત્રી નારાયણદાસ પવાણી દ્વારા ઉપસ્થિત સૌનું સ્વાગત કરાયું. સમાજ અગ્રણી દિપક છેડા, લધુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, નિલેશ પવાણીએ નૂતન વર્ષની શુભેચ્છા સાથે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. પ્રમુખ પ્રવીણભાઈ મહેતા અને ઉપપ્રમુખ હમુખ પંચમિયાએ પણ સમાજના સભ્યોને નવા વર્ષની ઉષ્મા ભરી શુભેચ્છા આપી હતી. સાંજે ૭ કલાકે સમાજની વાર્ષિક જનરલ સભા થઈ. સમાજના પ્રત્યેક પરિવારને નવા વર્ષની કેક ભેટ સ્વરૂપે અપાઈ. મંત્રી સતિષ એચ. નાગડાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમ અંતે સ્વાદિષ્ટ ભારતીય ભોજનનો આસ્વાદ સૌ પ્રેમપૂર્વક માણ્યો હતો.







# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન દ્વારા આગામી ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓની નિમણૂંક

શ્રી મુંબઇ મહાજનશ્રી દ્વારા વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યો,શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ૧૧ ટ્રસ્ટીઓ તથા શ્રી ક.દ.ઓ.જૈન પ્રસારક સમિતિ ટ્રસ્ટ ઉપરના મહાજનશ્રીના એક પ્રતિનિધિ ટ્રસ્ટીની તા.૧.૪.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના પાંચ વર્ષના સમય માટેની ચૂંટણી રવિવાર તા.૨૨.૧૨.૨૦૧૯ ના આયોજેલ ચૂંટણીમાં મહાજનશ્રીની તા.૨૨.૧૦.૨૦૧૯ ને મંગળવારે વ્યવસ્થાપક સમિતિની સભામાં નીચે આપેલ શ્રેષ્ઠીઓની ચૂંટણી અધિકારીઓ તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવેલ છે.

ચૂંટણી અધિકારી : ચીમનભાઈ મેઘજીભાઈ મોતા, વારાપધર-મુલુંડ, પ્રથમ ઉપ-ચૂંટણી અધિકારી : શ્રી ડોલરભાઈ પ્રતાપભાઈ લોડાયા/શાહ,સુથરી-મુલુંડ, દ્વિતીય ઉપ-ચૂંટણી અધિકારી : રાજીવભાઈ જયચંદભાઈ લુઠીયા, રવા-મુલુંડ.

# તેલંગાણા રાજ્યની જીવદયા પ્રેમી સંસ્થાઓના પ્રતિનિધિઓ નવનિયુક્ત રાજ્યપાલની શુભેચ્છા મુલાકાત લીધી



તા.૨૮ ઓક્ટોબર સોમવારનાં રોજ તેલંગાણા રાજ્યની વિવિધ જીવદયા પ્રેમી સંસ્થાઓના પદાધિકારીઓ તથા પ્રતિનિધિઓએ હૈદરાબાદ ગવર્નર હાઉસમાં રાજ્યના નવનિયુક્ત ગવર્નર તમિલિસાંઈ સૌંદર્યરાજનની શુભેચ્છા મુલાકાત લઈ તેમને રાજ્યપાલ પદગ્રહણ માટે અભિનંદન આપી દીપાવલી પર્વની ઉષ્માભેર શુભેચ્છા આપી.

પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન સંસ્થા પદમંત્રી રિદ્ધિશ જાગીરદાર, લવ ફોર કાઉ ફાઉન્ડેશન ચેરમેન જસમત પટેલ ભારતીય પ્રાણી મિત્ર સંઘના અધ્યક્ષ જસરાજ શ્રીશ્રીમાલ, શ્રી જૈન સેવા સંઘના પ્રચાર સંયોજક પ્રવીણ પંડયા, હૈદરાબાદ સિકંદરાબાદ ગુજરાતી બ્રાહ્મણ સમાજના કારોબારી સદસ્ય ભરત ભટ્ટ વગેરે રાજ્યપાલ તમિલિસાઈ અને ડૉ.પી.સૌંદર્યરાજનને મળી રાજ્યની જીવદયા સંસ્થાઓ દ્વારા કરાઈ રહેલી પ્રવૃત્તિઓ વિષયક વિસ્તૃત માહિતી આપી હતી.

જસમત પટેલએ લવ ફોર કાઉ મોમેન્ટો તથા સ્થાનિકે દેશી પદ્ધતિથી તૈયાર કરાતું શુદ્ધ ઘીની ભેટ આપી. જસરાસ શ્રીશ્રીમાલને રાજ્યપાલ શ્રી મહિમનને ભગવાન મહાવીરની તસવીર ભેટ આપીને દિવાળીની સાથોસાથ જૈન ધર્મના ૨૪માં તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણ કલ્યાણક દિવસ પણ હોવાની જાણકારી આપી હતી.







● વિશ્વ પ્રવાસ દિવસની રાષ્ટ્રીયકક્ષાની દિલ્હી ખાતે ઉજવણી કરાઈ આ પ્રસંગે મોસ્ટ રીસ્પોન્સીબલ ટુરિઝમ પ્રોજેક્ટ ઈનીસ્ટેટીવ માટે કચ્છ જિલ્લાના ધોરડોની પસંદગી કરાઈ છે. આ સિદ્ધિ રણોત્સવ પરિણામે મળી છે.

● દેશદેવી આશાપુરાના દર્શનાર્થે કચ્છ આવતા પદયાત્રીઓ માટે નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝર, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન તથા આ રોગ્ય ભારતી ભુજ શાળા દ્વારા અદાણી મેડિકલ કોલેજ મેનેજમેન્ટ તથા વિદ્યાર્થીઓની મદદથી સતત ત્રીજાવર્ષે ભુજખાતે પદયાત્રી મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરાયું. શહેરના સર્વે ડોક્ટર મિત્રોએ એ કેમ્પમાં ગત વર્ષ ૧૫ હજારથી વધુ પદયાત્રીઓને સેવા પૂરી પાડી હતી.

● ભુજના યુવાન ચિત્રકાર જિગર નવીન સોની એ ભારતની આઝાદીમાં અમૂલ્ય ફાળો રહ્યો છે એવા મહાત્મા ગાંધીજીના જન્મની સાર્ધ શતાબ્દી પ્રસંગ નિમિત્તે અમેરિકાના ટેકસાસમાં આવેલ મહાત્મા ગાંધી મેમોરિયલ પ્લાઝામાં ચિત્રદર્શનનું આયોજન કરાયું. આ પ્રદર્શન ગુજરાત રાજ્ય લલિત કલા, અકાદમીના સહયોગથી યોજાયું. યુવાન ચિત્રકાર જીગર સોનીએ મહાત્મા ગાંધીજી પર બનાવેલાં જીવન અને એમના વ્યક્તિચિત્રોમાં સમન્વય રૂપ ચિત્રો આમાં પ્રદર્શિત કર્યા હતા. આ અગાઉ તેમના પ્રદર્શનો મુલુંડ, ભાવનગર, અમદાવાદ જેવા શહેરોમાં યોજાયા છે.

● સુરતમાં રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા અંડર ૧૪ ટગ ઓફ વોર રસ્સી ખેંચની રાજ્યકક્ષાની સ્પર્ધામાં માધાપરની એમ.એસ.વી. હાઈસ્કૂલના ખેલાડીઓ એ સુરતની ટીમને હરાવી સુર્વણ ચંદ્રક જીત્યો હતો.

● તાજેતરમાં યોજાયેલી જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં કુસ્તીમાં વીરાયતન વિદ્યાપીઠ જખણિયાના છાત્રો અંડર નં. ૧૪, અંડર ૧૭ એઈજ ગ્રુપમાં પ્રથમ તથા દ્વિતીય સ્થાન ઉપરાંત અન્ય કેટેગરીમાં સારું પ્રદર્શન દાખવ્યું હતું. વીરાયતન સંસ્થાના પ્રણેતા આચાર્ય ચંદનાજી, સાધ્વી શિલાપીજીએ વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી હતી.

● માંડવી લોહાણા મહાજન દ્વારા રહેમત ટ્રસ્ટના સહયોગથી ચામડી રોગ નિદાન કેમ્પ યોજાયો. જેમાં ૪૨૧દર્દી ઓએ સારવાર લાભ લીધો હતો. મુંબઈના એક દાતા તરફથી રૂા. ૧લાખ દસહજારની રકમના મેડિકલ સાધનો વસાવવા તથા બીજા આવા સાધનો માટે જરૂરી રકમ મૂળ માંડવીના મુંબઈના મુંબઈ રહેતા નેશનલ વે બ્રિજવાળા મહમદભાઈ સાલે મામદ ચાકી તરફથી રૂા. એક લાખ ઓર્થોપેડિક સાધનો વસાવવા માટે જાહેર કરાયા હતા.

● મુંદરા બંદર વિસ્તારની પરપ્રાંતીય શ્રમિક વસાહતોમાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગ અટકાતી પગલાંઓ લેવા તેઓની આરોગ્ય તપાસ કરાઈ અને તે રોગ ન થાય એ માટે શું કાળજી લેવી તેના પગલાં સૂચવાયા હતા.

● રાપર જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા ઝરટપેશ્વર મહાદેવના સ્થાનમાં અઠાઈ તેમજ તેથી વધારે તથા માસ ખમણ કરનારા તપસ્વી સાધક ભાઈ-બહેનોનું બહુમાન કરાયું હતું.

● રાપરની સરકારી હાઈસ્કૂલમાં વર્ષ ૭૬-૭૯ના બેચના વિદ્યાર્થીઓનો સમન્વય પરિવારનું પાંચમુ સ્નેહમિલન ઉતરાખંડના હરિદ્વાર, ઋષિકેશ તથા મસુરીમાં પાંચ દિવસનો યોજાયો. જેમાં ૫૧ સભ્યો હિસ્સો લીધો હતો. સ્નેહમિલન દરમ્યાન એવોર્ડ શો, અગાઉના સ્નેહમિલનના સંભારણાની વિડીયો કિલપ દર્શન, ગેમ શો, હાઉઝી તથા રમતના કાર્યક્રમો યોજાયા હતા.

● આયુષ્યમાન ભારત પખવાડિયા અંતર્ગત વિશ્વ વયસ્ક દિનની ઉજવણી માધાપરના આપણું ઘર તથા નખત્રાણા તાલુકાના રોહા સ્થિત જીવન સંધ્યા ખાતે કાનૂની માર્ગદર્શન સમાજ કલ્યાણ યોજનાની માહિતી તેમજ મા વાત્સાલ્ય કાર્ડ અપાયા હતા. કાનૂની સેવા સતા મંડળના વડાશ્રી પટેલ એ સત્સંગમાં વધારે સમય પસાર કરી સ્વસ્થ રહેવા જણાવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પ્રેમકુમાર કન્નરે વડીલોને દિનચર્યા બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

## જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૧૦.૨૦૧૯ | હૈદરાબાદ | અભિષેક પારસ હીરાચંદ ધરમશી (પાવડા) | કોઠારા | ૨૪ |
| | સૈદાપુર | રૂપાલ દિલીપ લક્ષ્મીચંદ મોમાયા | બારોઇ | ૨૩ |
| ૨૮.૧૦.૨૦૧૯ | મુલુંડ | હિમાંશુ ધીરેન્દ્ર ચાંપશી ખોના | મોટી ખાવડી | ૩૨ |
| | ઘાટકોપર | મિલોની વિજય પદમશી નાગડા | પરજાઉ | ૩૨ |
| ૦૧.૧૧.૨૦૧૯ | ઘાટકોપર | નિરલ દિનેશ મોતીલાલ લોડાયા | મોટી ખાવડી | ૩૦ |
| | ડોમ્બીવલી | ઈશા દિનેશ ભાણજી ડાઘા | દલતુંગી | ૨૬ |

**આંતરજ્ઞાતિ લગ્ન નોંધ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૨.૨૦૧૮ | ઘાટકોપર | રૂષભ વિજય પદમશી નાગડા | પરજાઉ | ૩૩ |
| | માટુંગા | હિનાલી પંકજ બાબુલાલ શાહ | ભલોલ | ૩૧ |

**આંતરજ્ઞાતિ સગપણ નોંધ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૧૧.૨૦૧૯ | કોલકત્તા | હર્ષ ભાવેશ રજનીભાઈ ચોવટીયા | રાણપુર | ૨૮ |
| | મુલુંડ | એશા હિતેશ લક્ષ્મીચંદ મૈશેરી | જખૌ | ૨૫ |


Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism
M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India
+91-22-2501 3810/11/12
olympia_tours@hotmail.com; info@olympiatourism.in;
+91-93240 58413
www.olympiatourism.in

IATA Accredited Agent



VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO